શ્રી ગણેશાય નમઃ

પિતૃભક્ત પ્રભાકર

નાટકનો ટુંક સાર અને ગાયનો

શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ માટે

રચનાર

નથુરામ સુંદરજી શુક્લ

લેખક

(ભાવનગર પોરબંદર અને વાંકાનેરનાં રાજકવિ)

છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્યારેલાલ વિઠ્ઠલરાય મહેતા,

'શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ' ના માલેક. (અમદાવાદ)

વિ સં. ૧૯૭૦ ઈ. સ. ૧૯૧૪.

આવૃતી પેહેલી. પ્રત ૧૦૦૦.

કીમત બે આના.

કરાંચી
ધી નેશનલ પ્રેસ મધે આ. ખ.
સીધવાએ છાપ્યું છે.

વિનંતિ

કરાંચીમાં ગુજરાતી ટાઈપ ની અગવડતાને લીધે તથા ગુજરાતી કોમ્પોઝીટરો ની અછતને લીધે અને પુરતો વખત નહિ હોવાને લીધે ઓપેરામાં કોઈપણ જાતની ભુલો રહી ગઈ હોય તો પ્રેક્ષક વર્ગ દરગુજર કરી સુધારી ને વાંચશોજી.

પિતૃભક્ત પ્રભાકર

નાટકનાં પાત્રો

જગન્નાથ શર્મા—માધવપુરનો ધનાઢય બ્રાહ્મણ અને સાધુસંત ઉપર શ્રદ્ધા રાખનાર પરમ ધાર્મિક પુરૂષ.

ગંગાદેવી— જગન્નાથ શર્માની ધર્મ પત્ની.

પ્રભાકર જગન્નાથ શર્માનો પુત્ર પહેલી અવસ્થામા અત્યંત ઉદ્ધત છતા છેવટે માત પિતાની સેવાથી સંસારમા સ્વર્ગનુ સુખ અનુભવનારો નાટકનો નાયક

કમળા— સર્વોત્કૃષ્ટ સતી પ્રભાકરની ધર્મ પત્ની.

ધર્મદાસ— કમળાના પિતાનો નિમક હલાલ નોકર.

મોહિની— માધવપુરમા રહેનારી વેશ્યા કૃત્રિમ પ્રેમવડે પ્રભાકરનું સર્વસ્વ હરનારી કુલટા

વૃધ્ધવેશ્યા- મોહિનીને ઉછેરી મ્હોટી કરનારી વેશ્યા.

આશાદાસ- વિષય લંપટ વેરાગી સતી કમળાને મદદ કરવા કાટબધ્ધ થએલા ધર્મદાસે મોહિનીની મોહનિદ્રા ઉડાડવા ગુરૂ બનાવેલો એક ગમાર સાધુ.

દેવશર્મા- ગોપાલપુરનો રહેવાશી મહાન પિતૃભક્ત બ્રાહ્મણ

શાન્તી- દેવશર્માની ધર્મ પત્ની.

ગંગા
યમુના
સરસ્વતી }— તીર્થસ્વરૂપ મહા નદીઓ.

ભોળોભટ— કમળાના પિતાનો આશ્રિત. બ્રાહ્મણ

. એ સિવાય, સાધુઓ કુમારિકાઓ, યાત્રાળુઓ વિષ્ણુ ભગવાન, લક્ષ્મીજી, ઇન્દ્ર, બ્રહ્મા અને માહાદેવ વગેરે

પિતૃભક્ત પ્રભાકર

નાટકનો ટુંકસાર

અંક પહેલો

મંગળાચરણ

૧— પ્રભાકરનુ શયન ભુવન—સતી કમળા સુતેલી હોયછે. ત્સાં પ્રભાકર પ્રવેશ કરી તેના સઉન્દર્યને વર્ણવેછે પરમાત્માએ પોતાને યોગ્ય પત્ની આપ્યા છતા મનોવેગને મોહિનીના કૃત્રિમ પ્રેમ તરફ ખેંચનાર કુદરતને વશ થઇ, એ વેશ્યાને ત્યા જવા તઇયાર થાયછે, ત્યા ખખળાટથી જાગી ઉઠેલી કમળા દોડી પોતના પતિને પકડેછે અને ઘણું સમજાવે છે. કાલાવાલા કરેછે છતા મોહાન્ધ પ્રભાકર માનતો નથી. કમળા પોતાને સાથે લેઇજવા પતિને વિનવેછે, પરંતુ ઉન્મત્ત પ્રભાકર તેનેલાત મારી મોહિનીને ત્યા ચાલ્યો જાયછે પાછળથી ગંગા દેવી પ્રવેશકરી કમળાને આશ્વાસન આપેછે કમળા પતિ સેવાની અભિલાષાથી વેશ્યાને ત્યાં જવા વિચાર કરે છે, ગંગાદેવી તેને ત્યા જવાની ના કહેછે. છતાં નમ્રતા પુર્વક સાસુની આજ્ઞા લઇ કમળા પોતાના પતિ પાછળ જાય છે.

૨— માધવપુરનો રાજમાર્ગ — ધર્મદાસ યાત્રાની અભિલાષાએ કમળાના બાપપાસેથી રજા લઇ પોતાને ગામ જતો હોયછે ત્યાં માર્ગમા માધવપુર આવવાથી કમળાને ઘેર એકાદ દિવસ રોકાવાની ઇચ્છા કરે છે ત્યા માર્ગમાજ તેને કમળા મળેછે, વઇશિક ૫-

તેના દુરાચરણથી વ્યથા પામેલી કમળાને ધર્મદાસ દિલાસો આપેછે તથા એક નિમકહલાલ માણસ તરીકેની ફરજ બજાવી પોતાના શેઠની સુપુત્રીને દરેક પ્રકારે મદદ આપવાનુ કહી જુદો પડે છે. અને કમળાથી પહેલા મોહિનીને ઘેર જઇપહોચે છે.

૩— મોહિની વેશ્યાનું ઘર – મોહિની પોતાની ચાલાકીનુ સ્વગત બ્યાન કરે છે, ત્યાં પ્રભાકર આવેછે. પરસ્પર પ્રેમવાર્તા થાયછે. ધર્મદાસ ગુપ્ત રીતે પ્રવેશ કરી બન્નેની રીતભાત જુએ છે. અને ખેદ બતાવે છે, ત્યા કમળા આવી પતિભકતનો ઉત્તમ નમૂનો પ્રેક્ષકોની નજર આગળ રજુ કરે છે. પ્રભાકર તથા મોહિની નિર્દોષ કમળાને ઘણા તિરસ્કારના વચનો કહેછે છતાં કમળા સ્વામી સેવાનુ સુખ લેવા મોહિનીને મ્હોટાઇ આપી તેની સેવા પણ સ્વીકારે છે. પ્રભાકર ગુસ્સાથીતેને મારવા માડે છે ત્યા ધર્મ-દાસ પ્રકાશમા આવી કમળાને બચાવે છે

૪— પ્રભાકરનુ ઘર – જગન્નાથ શર્મા તથા ગંગાદેવી સંત સમાગમ-નો લાભ લેતા હોય છે, ત્યા પ્રભાકર આવી સાધુઓના તૂંબડાઓને તથા દેવસેવાને લાતમારી, ઘણા અઘટિત શબ્દો બોલે છે. તેના માતપિતા વૃદ્ધ હોવાથી બહુ કચવાય છે અને સાધુઓ માથે શ્રધ્ધા રાખવા સમજાવે છે પણપ્રભાકરને કાંઇ અસર થતી નથી, ઉલટો તે વધારે ક્રોધયમાન થાયછે, અને માબાપને ન બોલવાના શબ્દો બોલી ઘરમાથી કહાડી મુકે છે.

૫— મોહિનીનું ઘર- વૃદ્ધવેશ્યા– મોહિનીને પ્રભાકરનુ સર્વસ્વ લૂટી લેવા સમજાવે છે, પ્રપંચ રચવામા પરમ પ્રવીણ મોહિની પ્રભા

કરને આવતો જોઇ પોતાની મા સાથે લડે છે અને પ્રભાકરની પ્રીતિને પ્રાણથી પણ વધારે પ્યારી બતાવે છે મૂર્ખ પ્રભાકર મોહિનીની વાક્ચાતુરીપર મોહિત બને છે. વૃદ્ધવેશ્યા મોહિની-ને મારી ઘરમાથી કહાડી મુકવા તઇયાર થાયછે, પ્રભાકર વચ્ચે પડે છે અને મોહિનીને પોતાનુ સર્વસ્વ લખી આપે છે, "બાપ જીવતા તેની મેળવેલી દોલત દીકરાથી લખી અપાય નહિ" એવી ચાવી ચડાવી વૃદ્ધ વેશ્યા ચાલી જાય છે. પાછળથી મોહિની પ્રભાકર ને પ્યારમા પરવશ બનાવી તેના પિતાને મારવા મોકલે છે, જો કે એવુ દુષ્ટ કામ કરતા પ્રભાકર ગાડા જેવો બની જાયછે. અચકાયછે, તોપણ મોહિનોના પ્રેમ ખાતર પિતાનો નાશ કરવા પ્રવૃત્ત થાયછે.

૬— માધવપુર નજીકનુ જગલ—ધર્મદાસ પ્રભાકરની સ્થિતિ સબધી વિચાર કરતો અને વ્હાલા ધર્મનુ ધ્યાન ધરતો નીકળે છે, ત્યા નદી કિનારે ઝુપડી બાધી રહેલા પોતાના સાસુ સસરાની સેવા કરી ઘરતરફ જતી કમળા તેને મળેછે, ધર્મદાસ બાલ વયમા પુત્ર ઉપર માતપિતાએ શા શા ઉપકારો કરેલા હોયછે, તેનુ વર્ણન કરેછે. કમળાને પતિની ખરાબ વર્તણુકથી વસમુ લાગેછે. ધર્મદાસ તેને ધઇર્ય આપેછે અને ઘેર જવા સુચવે છે કમળા જાયછે, વેશ્યાના કૃત્રિમ પ્રેમથી ઉન્મત બનેલો પ્રભાકર હાથમા કટાર લઇ પિતાને મારવા એજ રસ્તે નીકળે છે ધર્મદાસ તેને ઘણો બોધ આપે છે. છતા વિષયી પ્રભાકરની ગ્નનિમા ફેરફાર થતો નથી, તે તો પિતાના પ્રાણ લેવાનો દૃઢ સકલ્પ કરી

ચાલતો થાય છે અને ધર્મદાસ પણ ગુપ્ત રીતે તેના પાછળ જાય છે.

૭– જગન્નાથ શર્માની પર્ણકુટી – જગન્નાથ તથા ગંગા આંખો વિચી માળા ફેરવતા હોયછે ત્યા પ્રભાકર આસ્તે આસ્તે પ્રવેશ કરી પોતાના કાર્યની સિધ્ધી કરવા આગળ વધેછે પણ માત પીતાનો કુદરતી પ્રેમ તેને તેમ કરતા અટકાવે છે ધરમદાસ ગુપ્ત રીતે એ તમાસો જોયા કરે છે. અને વેશ્યાઓના યારની સ્થાતિ એ વણવે છે જગન્નાથ તથા ગંગા ધયાનમાથી જાગ્રત થઇ પુત્રને આશીરવાદ આપેછે પ્રભાકરનું મન કાંઇક કરૂણાથી છવાયછે પણ પાછો એ પીતાને મારવા સજજ થાય છે જગન્નાથ તથા ગંગા એને જોઇ જાય છે અને જાણે પોતાને તેડવા આવ્યો હોય એમ જાણી તેને મીત વચનાથી માન આપે છે પણ પાપી. પ્રભાકર તેના ઉપર શસ્ત્ર ઉગામે છે ગંગા ગભરાયછે અને પ્રથમ પોતાને મારવા પુત્રને વીનવે છે. જગન્નાથ અજબ ધઇર્યથી તેના સનમુખ ઉભા રહે છે પરભાકર પ્રહાર કરવા જાય છે ત્યા ધરમદાસ દાડી તેનો હાથ પકડી રાખેછે અને ધર્મનિષ્ટ દંપતીને જાણે દેવ ...ગના મળી હોય એવું જણાય છે.

અંક બીજો.

૧ —મોહીની વેશ્યાનું ઘર –

મોહીન સવસ્વ લુટી લીધા બાદ કંગાલ બનેલા પરભાકરને પાણીચુ આપી કોઇ બીજા સાથે પ્રેમ બાંધવાનો વિચાર, કરેછે ત્યાં પરભાકર આવેછે અને મોહીનીનુ મન બદલ્યું હોય એમ જાણી તેને માટે પોતાના મનનો અભીપરાય તપાસે છે તેવામા મોહિની પાછી વળી તેનો તીરસ્કાર, કરેછે. ધરમદાસ ગુપ્ત રીતે પરવેશ કરી ખેદ યુકત બની વેશ્યાની કૃત્રીમ પ્રેમ જાળને વખોડે છે મોહિની પરભાકરને નોકર માફક ચીજ વસ્તુ લેવા બજારે મોકલે છે એ અધમ વેશ્યા સુધાકર શેઠ સાથે રોજ મોજ મજા ઉડાવે છે એ જાણી પરભાકર ઘણો પસ્તાય છે પણ ધન વગર નિરૂપાય બનેલા તે કાર્યમાં પરવૃત થાયછે પાછળ થી સુધાકર આવે છે અને મોહીની તેને રંગ રાગથી રીઝાવે છે ત્યા પભાકરને આવતો જોઇ સુધાકર ભાગી જાય છે એથી મોહીની પરભાકર ઉપર ગુસ્સે થાય છે અને તેને, ઘરથી બહાર નીકળી જવા કહે છે પરભાકર ઘણા કાલા વાલા કરે છે પણ બધુ વ્યર્થ અને જે શબ્દો પરભાકરે મા બાપ ને ઘરમાંથી બહાર કાઢતી વેળાએ કહ્યા હતા એજ શબ્દો વેશ્યા સભંળાવે છે એ ધરમદાસથી સહન નહિ થતાં તે જાહેર રીતે વેશ્યા સાથે વિવાદ ચલાવે છે પણ પરભાકરે પોતાના હાથે બધુ લખી આપેલુ હોવાથી નિરૂપાય

બને છે અને પરભાકરને કમળા પાસે આવવા સમજાવે છે પણ પોતાની પવિત્ર પ્રેમદાને કાળુ મુખ શું બતાવવુ એવા ઇરાદાથી પરભાકર ગામ છોડી ચાલ્યો જાય છે

માધવપુરનો રાજ માર્ગ — પતી વિરહથી વ્યાકુળ બનેલી કમળા અફસોસ કરતી નીકળે છે ત્યા ધરમદાસ તેને મળે છે અને પ્રભાકરને મોહીનીએ કાઢી મુકયા ના સમાચાર— સભળાવે છે કમળા ધર્મદાસની સલાહથી પોતાના પતિ પાછળ તેને સમજાવી તેડી લાવવા જાય છે ધર્મદાસ કમળાના સતિત્વની પ્રશસા કર્યા બાદ મોહિનીને ઠગવા તથા તેના પાસેથી પ્રભાકરનું સર્વસ્વ પાછુ મેળવવા કોઇ મદદ ગારની રાહ જુવે છે ત્યા આશાદાશ નામનો વિત્ત લંપટ વેરાગી આવે છે ધર્મદાસ તેને વિત્ત તથા વામા મેળવી આપવાનુ વચન આપી સિદ્ધ બનાવે છે અને પોતે સાધક બની કાર્ય પરાયણ થાયછે.

— જગલ — વેસ્યાનીપ્રિતી સર્વસ્વ ગુમાવી પરમ દુ:ખી બનેલો પ્રભાકર પશ્ચાત્તાપ કરતો હોય છે ત્યા કમળા આવી તેને મળે છે અનેધઇય' આપેછે પ્રભાકર ઘણોજ લજ્જિત બની કમળા ને પીઅરમા જઇ રહેવા કહેછે પણ સતી કમળા પતિની સાથે સુખ દુ:ખમા સમભાગીની રહેવા હઠ લે છે પ્રભાકર વિશેષ ચિન્તા તુર થાય છે શ્રમિત થએલા બન્ને જંગલમા જરા આરામ લે છે કમળાને નિદ્રાવશ જોઇ પ્રભાકર ચાલતો થાય છે, પાછળથી જાગેલી કમળા ગભરાય છે, અને બળાપો કરતી પતિ પાછળ જાય છે.

૪— ગોપાલપુરમાં દેવશર્મા બ્રાહ્મણનુ ઘર-ગામમાં ક્યાંએ ધરમશાળા નહિ હોવાથી પંથ પરિશ્રમ વડે પીડાએલો પ્રભાકર કોઇ બ્રાહ્મણ નુ ઘર જાણી રાત્રી નિર્ગમન કરવા ત્યા આવેછે, દેવશર્મા પોતા ના વૃધ્ધ અને અંધ માતા પિતાની પરમેશ્વર માફક પુજાકરે છે આરતી ઉતારે છે અને સ્તુતિ કરે છે એ જોઇ આશ્ચર્ય પા મેલો પ્રભાકર તેની પ્રશસા કરે છે અને પોતાને માત પિતાની સેવાનુ' સુખ ન મળ્યુ એ માટે અફસોસ કરે છે, દેવશર્મા મા બાપને લઇ જાય છે. અને પ્રભાકર નુ' ઉચિત આતિથ્ય કરી પાછો માબાપની સેવામા જોડાય છે રાત્રીના સમય હોવાથી પ્રભાકર શયનપર લેટે છે, પણ પોતાના કુકૃત્યો યાદ આવવાથી તેને ઉંઘ આવતી નથી તેવામા ગગા યમુના અને સરસ્વતિ દેવ, શર્માના ઘેર જળ ભરવા આવે છે, પ્રભાકરને વિશેષ આશ્ચર્ય, થાય છે અને તે પાણી ભરી પાછી વળેલી દેવીઓ આડો ફરી પ્રશ્ન કરે છે એ ત્રીવેણીના મુખથી માતા પિતાની ભક્તિનો અ પૂર્વ મહિમા સાભળી પ્રભાકરનો પ્રતિ માબાપના ભક્તિ તરફ વધે છે. ત્રિવેણી તેને આશીર્વાદ આપી જાય છે. અને પ્રભાકર પણ માતા પિતામાનુ દ્રઢ લગની લગાવી ચાલતો થાય છે.

૫— માધવપુરનો રાજમાર્ગ-આશાદાસને સિદ્ધ ગુરૂ બનાવી સાધક શિષ્ય બનેલા ધર્મદાસ પોતાની યુક્તિમા ફાવે છે તેના ચમત્કારથી મોહિની વેશ્યાનુ મન પણ આકર્ષાય છે અને તે સાધુઓને ઠગવા આવે છે પરતુ તેમા તે પોતેજ ઠગાય છે છેવટ ધર્મદાસ બુદ્ધિ બળથી પ્રભાકરનુ સર્વસ્વ મોહિની પાસેથી પાછુ મેળવે છે અને આશાદાસને પણ

એ અધમ વેશ્યાને અર્પણ કરી ચાલતો થાય છે.

૬— જંગલ— પોતાની પુત્રીને સાસરીયામાં સંકટ છે એવું સાભળી કમળાના બાપે કમળાને તેડવા મોકલેલો ભોળોભટ વૃદ્ધાવસ્થાને લીધે પંથ કરી થાકી ગયેલો હોવાથી પેટની પીડાનુ વર્ણન કરતો નીકળે છે ત્યા કમળા પણ પોતાના પતિને શોધતી શોધતી એ સ્થળે આવી ચડે છે ભોળોભટ તેને પીઅર તેડી જવા ઉદ્યોગ કરે છે પણ જેનુ મન પતિમા તદાકાર બનેલું છે એવી સતી કમળાએ પોતાના સાસુ સસરા કાશીએ પહોચ્યાનું સાભળેલું હોવાથી તેઓની સેવા અરથે ત્યાજ જવા દ્રઢ નિશ્ચય જણાવે છે. અને ભોળાભટને પણ સાથે લઇ કાશી તરફ જાય છે.

૭— કાશી નજીકનુ જંગલ— માતા પીતાની ભકિતમા અનન્ય ભાવ રાખનાર પ્રભાકરની કસોટી લેવા લક્ષ્મીજીના આગ્રહથી જગત નિયતા શ્રી વિષ્ણુ ભગવાન ત્યા પધારે છે બાદ કોઇ એક બ્રહ્મચારી વેદના વિચાર કરતો એ માર્ગે નીકળે છે તેવામા માબાપના મીલન માટે આતુર બનેલો પ્રભાકર પણ ત્યા આવી ચડે છે. બન્નેનો સંવાદ થાય છે, તેવામા પ્રભાકર બ્રહ્મચારીના મન ઉપર પિતૃ ભકિતની અજબ છાપ છાપી તેના તત્વ વિચારને તોડી પાડે છે, વિષ્ણું તથા લક્ષ્મીજી પિતૃ ભકિતમા પ્રભાકરની અલૌકિક દ્રઢતા જોઇ પ્રસન્ન થાય છે, છતા વિશેષ કસોટીની અભિલાષા વાળાં

લક્ષ્મીજીનું મન મનાવવા માયા બતાવે છે, પરમાત્માની માયાથી આખું જગલ સળગી ઉઠે છે. અને તેવામા પ્રભાકરના માતા પિતા બળતા અને આક્રન્દ કરતા દેખાવદે છે. પ્રભાકર અત્યંત વિહવળ બની માતા પિતાને બચાવવા પ્રાણુની દરકાર રાખ્યા શિવાય એ પ્રજ્વલિત અગ્નિમા કુદી પડે છે પરમાત્મા પોતની માયાને સમેટી પિતૃ ભકત પ્રભાકરને દઇવી ચમત્કાર બતાવે છે.

અંક ત્રીજો,

૧— કાશીમા વિશ્વનાથનુ મન્દિર બ્રાહ્મણો શ્રી મહાદેવની આરતી ઉતારતા હોય છે ત્યા ગામડીઆ યાત્રાળુઓ દર્શન આવે છે. બ્રાહ્મણો જેના પાસેથી દક્ષિણા પડાવે છે તે દિવસે મહોત્સવ હોવાથી કાશી રાજના અંત પુરની કુમારીઓ શ્રી મહાદેવના પુજન અર્થે આવે છે. અને દર્શન સ્તવન કરી ચાલી જાય છે ત્યા અપાર શ્રમ સહયા છતા માબાપનુ મીલન નહિ થવાથી નિરાશ બનેલો પ્રભાકર આવી ઉભો રહે છે. બ્રાહ્મણો તેને શ્રી વિશ્વનાથના દર્શન કરી ચાલ્યા જવાનુ કહે છે. પણ સકલ દેવરૂપ માતા પિતાને માનનારો

પ્રભાકર તેનેજ વંદન કરવા માટે તેનાંજ દર્શન કરવા માટે તેનીજ રાહ જોતો ત્યાં ગોકાય છે. તેવામા કમળા તથા ભોળો ભટ શ્રી વિશ્વનાથ પ્રભુના દર્શન કરવા આવે છે. અને અચાનક પ્રભાકરનુ મોલન થતા પોતાને ભાગ્યશાળી સમજે છે કમળા પોતાના પતિની વૃત્તિ વિશુદ્ધ થએલી જોઇ વિશેષ આનદ પામે છે ત્યા ધર્મદાસ આવે છે. અને શ્રી વિશ્વનાથને વદન કરી પાછો વળવા જાય છે. ત્યા કમળા તેને જોઇ મળી પ્રભાકર સાથે મેળવે છે. ધરમદાસ મોહીની પાસેથી મેળવેલુ સર્વસ્વ પ્રભાકરને સુપ્રીત કરે છે. કમળા । નિમકહલાલ નોકર ધર્મબન્ધુ ધર્મદાસનો ઉપકાર માને છે, અને પરસ્પર વિવેકની વાતો કરે છે, ત્યાં જગન્નાથ રામો તથા ગગા દેવી પ્રભુ દર્શન અરથે આવી પહોચે છે. અને પુત્ર તથા પુત્રવધુને મળી અત્યત આનદ પામે છે. પિતૃભકત પ્રભાકરને માબાપનાં દર્શન મળતાં હર્ષનો પાર રહેતો નથી, છેવટ સરવે પ્રભુસ્તુતિ કરી પોતાના આશ્રમ તરફ જાય છે.

૨— માધવપુરમા મોહિની વેશ્યાનુ ઘર— આશાદાસ મોહીનીના સમાગમથી મળેલા સુખોનુ વર્ણન કરતો હોય છે ત્યાં પોતાની ધારણામા પાછી પડેલી મોહિની પશ્ચાતાપ કરતી પ્રવેશ કરે છે. અને આશાદાસને ચમત્કારથી માયા મેળવી આપવા સતાવે છે આશાદાસનો ઉધોગ નિષ્ફળ જાય છે

અને ધર્મદાસ સાચું બોલી ઠગી ગયો એમ નિશ્ચય થતાં બંને એક બીજાને બટકાં ભરે છે ત્યા માગણાવાળાઓ નાજર તથા સીપાઇ સાથે પ્રવેશ કરી મોહીનીની બાકી રહેલી મીલ્કત કબજે કરે છે અને તેને તથા આશાદાશને ઘરમાંથી કહાડી મુકે છે. વેસ્યા તથા વેરાગીનુ જોડલું પસ્તાવો કરી ત્યાથી ચાલતુ થય છે.

૩— કાશીમા પ્રભાકરનુ આશ્રમ – સહધર્મ ચારીણી સતી કમળા ને સાથે રાખી પિતૃભક્ત પ્રભાકર માતા પિતાની સેવા કરે છે વ્રદ્ધ જગન્નાથ કાશી વાસના મહિમાનું વર્ણન કરી માધવપુર તરફ જવા ઇચ્છા બતાવે છે અને ધર્મદાસને પણ પિતૃશ્રાધ્ધ અર્થે ગયાજી જવા દેવા પરભાકરને સુચવે છે પ્રભાકર પિતાના વચનને અનુમતિ આપે છે શ્રધ્ધ દપતી પ્રભુસ્મરણ કરવા અદર બેસેછે પાછળથી આશાદાસ સાથે કાશીમા આવેલી નિર્ધન મોહીની પરભાકરને પોતાની જાળમા ફરી ફસાવવા આવે છે પરભાકર પિતૃભકિતથી ચલાયમાન નહિ થતા સામો મોહીનીને ઉત્તમ બોધ આપે છે મોહીનીએ ઉદયોગમા પણ પાછી પડે છે અને નિરાશ બની ચાલી જાય છે

૪— કાશીનો રાજમાર્ગ – આશાદાશ પોતાની કફોડી સ્થીતિનુ વર્ણન કરતો નીકળેછે. ત્યા મોહિની આવી તેનાથી ટ ટો કરેછે. આશાદાશ અજબરીતે, કાલાવાલા કરતો તેને શાન્ત પાડે છે

ત્યાં ધર્મદાસ આવી ચડે છે અને ભિખારીને વેષે ભટકત આશાદાસ તથા મોહીનીને જોઇ આશાના ઉપાસકોની સ્થીતીને ચિતાર રજુ કરે છે માર્ગમા આવતા જતા ગામના લોકો આશાદાસ તથા મોહીનીનુ ભજન સાભળી પાઇ પૈસો આપતા જાય. છે ધર્મદાસ ખુલો થઇ મોહીનીને તીવ્ર વચનના ચાબુક મારે છે મોહાન્ધ જોડલુ ધર્મદાસને પોતાની દુરદશા કર્યા સબંધી બે બોલ કહે છે ધર્મદાસએ બંનેને ઉત્તમ પ્રકારનો બોધ આપી ચાલ્યો જાય છે અને મોહીની તથા આશાદાસ પણ શુદ્ધ વઇરાગ્યવાન બની કાયમ કાશીમા રહેવાનું પસંદ કરે છે તથા જીવને ઇશ્વર ભકિતમા જોડે છે

૫— જંગલ – કાશીની યાત્રા પુર્ણ કરી સહુ કુટુંબ માધવપુર તરફ જવા નીકળેલો પરભાકર અંધ મતાપિતાને પડતા પરિશ્રમથી વ્યતીત થાય છે તેઓના ગુણ ગાય છે અને અતિ કમળા પણ પતિ સહિત સાસુ સસરાની પરમ પ્રેમથી સેવા બજાવે છે તેવામા વિષ્ણું તથા લક્ષ્મીજી પરભાકરની પિત્રુભક્તિ પર પરસંન્ન થઇ તેને દરશન દેવા પધારે છે પણ ત્યાંતો પરભાકરની પિત્રુ ભકિતથી ભયભીત બનેલ ઇન્દ્ર મન ચલીત કરવા આવેલ હોય છે ઇન્દ્રના ઉદ્ધત આચરણથી વિષ્ણું હસે છે જ્યારે પ્રભાકર ઇન્દ્રના આડબરથી ચલાયમાન ન થયો ત્યારે ઇન્દ્ર બ્રહ્મા તથા રૂદ્રને મોકલે છે એ બન્ને દેવોના ઉદયોગ પણ ઇન્દ્રની માફક નિષ્ફળ જાય છે છેવટ શ્રી વિષ્ણુ પરમાત્મા પ્રગટ થઇ પિત્રુભક્ત પરભાકરને દર્શન આપવા તત્પર થાય છે અને પરભાકરન

૪૦૦૪

૧૦ મ

ઇચ્છાથી તેના વ્રધ્ધ માતા પિતાને સ્વસ્થ બનાવે છે જગન્નાથ તથા ગંગા પરમાત્માના દર્શન પામી પોતાને કૃત કૃત્ય સમજે છે પરભાકર પ્રથમ માતા પિતાને પરણામ કરી વિષ્ણુંને વંદન કરે છે વિષ્ણુ વર આપવા ઇચ્છા બતાવે છે પરભાકરને વરદાન પોતાન માતા પિતાને આપવા પરભુને વિનવેછે શ્રીવિષ્ણુ પરમાત્મા તેમ કરે છે અને પરભાકરના માત પિતાની યાચના મુજબ તેઓ કૃષ્ણાવતારમા કરેલ રમણીય ગમ્સલીલાના દર્શન કરાવે છે.

શાન્તિ શાન્તિ શાન્તિ

૫૦૦૫

શ્રી ગણેશાયનમઃ

પીતૃભક્ત પ્રભાકર

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

આળાઓ— ૧

ગવરી સુત ગણપતિ છો મંગલ દાતા
વંદન કરૂં વ્હાલા રોપી વરમાલા કંઠે રસાલા
રિદ્ધિ આપી સિદ્ધિ આપી પ્રીતે પ્યારા પૂરો આશ
વિઘ્નો વિદારી નિજ જનના જગ ત્રાતા ગવરી.
હરીહર અજ સહ સુરેશ આદિ
આપની કદિ નવ ચૂકે યાદી
સિન્ધુ જાણી ગજમુખ સુખના
કિન્નર ગણમા સુયશ ગવાયે
ઉરગ આદિ પ્રાણી પણ ન્હાયે
ભાવથી ભજનારા, તે સહુ નર તરનારા, શ્રેષ્ટ સુદાતા ગવરી.

આળાઓ— ૨

નિત્ય ભજીએ (૨) અહો નિત્ય ભજીએ ભ્રાત
પ્રભુ માફક પિતુ માતને—
ગણી વેદ વચન આ વાતને મેળવીએ યશ અવદાતને નિત્ય.

ઉરમાં ભાવ અનન્ય ભરીને, માત પિતાની સેવા કરીને
સુત શ્રવણે શોભાવી સરસ નિજ જાતને (૨)   નિત્ય.

કમળા }
પ્રભાકર } —   ૩

જળ વગર જીવન મીનનું, ઓ નાથ! રહી શકતુ નથી,
મ્હારા ત ૪ દિલ આપનું, કરૂણાળુ કેમ થતુ નથી,
છાયા તમારા શરીરની હુ, આપ મુજ આધાર છો.
સંસાર સર્વ અસાર એમા, આપ એકજ સાર છો,

જા અલગ નાર અવિચારી
ભવરી છોડી જાને, ઉભી શાને   જા
સત્ય મોહિની પ્યારી મારી, મન મારૂ હરનારી
જાઉ . ...જોર...... ..ધારી .....   જા

૪

સાસુજી આપો જવાની આજ્ઞા મને
પામવા હુલાસ પ્રાણ પ્યારાની ,પાસ   આપો.
આશા બીજી મારે જરા નથી
સેવી એને પૂર્ણ કરૂ બાકીના શ્વાસ ,   આપો.
સ્વામી મારા સ્નેહે બિરાજે જ્યહાં
ત્યાં શો છે ત્રાસ આપ થાઓ ના ઉદાસ   ;આપો.

ધર્મદાસ— ૫

સમજે ન પ્રથમ જન કામી
પસ્તાય પછી દુઃખ પામી સમજે
નિજ અબળા પર ઇતરાજી
પરનારથી રમતા પાજી
એ અધમો પર કહુ માજી
નથી રામ જરા પણ રાજી સમજે.
હાથે બગાડે બાજી શસ્ત્રો શઠતાના સાજી
પાકે નહિ છેવટ ભાજી
સુંદરવર, ભય હર, સુખ કર હરશે ખામી સમજે.

મોહિની— ૬

ઉડાવુ આજે અજાયબ રંગ
ખીલ્યું જોબન સહુ અંગ ઉડાવુ.
લટક મટકમાંથી છટકે આશક તો
ઘાયલ કરૂં ઘણો મારી નયન તણો માર ઉડાવુ.
શયન નયન મારે ન કરે નાયક તો
સામા ઉરજ ધરૂ લક હલાવી કરૂ ઠાર ઉડાવુ.

નૃતકીઓ— ૭

વાગી કૃષ્ણજીની બંસી
વાલા વાગી રે— ઢાં.

સુણી ઝટ સેજથી રસીલી રાધા જાગી રે હાં.
પ્રેમની ઘેલી નાર નવેલી
ઉઘાડે શિર ચાલી જ્યહાં છે વનમાલી
ધરીને નુપુર કર કંકણુ ચરણુ પર...વાગી રે હાં.

જગન્નાથ } —
ગંગા

૮

સંતો પ્યારા અંતરના આરામ આવો બિરાજો અમધામ
લાવી દયા શુભ દર્શન દીધાં કીધાં સફલ મન કામ
પામર જનને પાવન કરવા હેતે સુણાવો હરી નામ સંતો

ભજનારા ભગવતને તજનારા સહુ તંત
સ્નેહી જે છે સંતના એના પુણ્ય અનંત

સંતની સોબત સંતની સેવા સંતને થાય પ્રણામ
એવી સુમતિ સદા અમને દેજો જન્મો જનમઘનશ્યામ. સંતો.

પ્રભાકર—

૯

નજરથી થાઓ । ન્યારા ઓ નઠારા
ભગત બનીને ઘર લજવનારા
કરી કરી સાધુ ભેળા સહુ વેળા
મુજ મગજને બહુ પજવનારા નજરથી.

૧૫

જગન્નાથ } —વૃદ્ધ બિચારી ટેવ સુધારી સેવ અમોને
ગંગા } બની સમજુ સુત સુખકારી

સંત જનો પર રોષ ન કરીએ પાપથી દીલ ડરીએ રે

ભગવાનના વ્હાલા એ છે ભલો બોધ દે છે

પ્રભાકર—બોધ દીએ કોઇ મુરખ શોધી હુ છુ સદા સાધુઓનો વિરોધી

જગન્નાથ—સુમતિ આપશે તુજને ધરી રતિ જગપતિ નજરથી.

૧૦

પ્રભાકર—ડરવું ન તારે વ્હાલી! વિણુ વારે

મારૂ માબાપને કહિને કટારે

મોહિની—પ્રાણુ પતિ આગ્યા લેશુ પછી લ્હાવો

કામને પતાવો ઝટ ઝટ ઝટ

પ્રભાકર—નથી તુથી એ રસીલી વધારે

મોહિની—ઠીક ઠીક ઠીક

પ્રભાકર—છકયો તુજ પ્યારે

મોહિની—ઠીક ઠીક ઠીક

પ્રભાકર—કમર કસીને હા હા હા જાઉ અત્યારે ડરવુ

(કોરસ)

અરે કામી ! શુ છકયો કુ વિચારે ધિક ધિક ધિક

પિતુને પ્રહારે ધિક ધિક ધિક

ગજબ ગુજારે ધિક ધિક ધિક

પ્રભાકર—જાઉં અત્યારે- ડરવુ ન તારે.

પ્રભાકર— ૧૧

જાન લઉં જઇ મારાં જનની જનકતણી

કટાર હણીને આજે ટટાર બનીને આજે

ચરરર ચરરર ચીરીશ ધન્ય બસ જાન.

ધડક ધડક ઉર આ ધડકે છે

અજબ વિચારો ચીન્ત ચડે છે

શોક ગ્રસ્ત છુ પ્રેમ મસ્ત છુ કટાર.

મોહિની— ૧૨

બાંધી પ્રેમ એક સાથ બેસી ન રહેવાયે

આનદી હૃદય અકળાયે

પૈસાની પ્રિતિ એ વેશ્યાની રીતિ છે
તે શું તજાયે મા લજાયે
ફસાવું મોહ તણી જાળ રચી શંકડાને
નહિ રહેવા દઉં હું આગણે કોઇ રાંકડાને
ચંપાકું રંગ રૂડા અગનો શોધી વડાને
કળી શકે કોણ કહો મારી આ અનહદ કળાને
આ જુવાની રતન હું કરૂં છું જતન તોય જાયે

મોહિની— ૧૩

જાઉં વારી જશો ન વ્હાના તમે
પ્યારા પ્રિતિના પીઓ પ્યાલા તમે
જોબનભર હું રસીક નાર રૂડી
તેવા મળ્યા છો મતવાલા તમે પ્યારા જાઉં.
આવી ન શકશે અવર કોઇ આડી
લ્હેર ઉડાવો લ્હેરી લાલા તમે પ્યારા જાઉં.

કમળા— ૧૪

દુખીઆરી ફરૂં દિનરાત
હદ થાય હવે તો

વિયોગનું, વિષ વ્હાલો પાયે તોપણ જીવ ન જાયે
શું ક્ષિતિતલ જઇ ધર્મ છુપાયો દાસની સાથે ... દુ.ખીઆરી

આશાદાસ – ૧૫

નખરાથી નારી મળી જશે — નખરાથી.
નયનોના ન્યારા જોઈ ઇસારા
મારામાં મન એનું ભળી જશે નખરાથી.
બામાને ભેટતાં શય્યામાં લેટતાં
તાપ અંતરના ટળીજશે નખરાથી.
ધર્મદાસ—જોડી તમારી જામતાં મ્હારી
મહેનતનો બદલો વળી જશે નખરાથી

પ્રભાકર— ૧૬

ખોયા ધનને ધામ હવે શું કરવુ કયા જઇ રહેવુ
ભૂખ તૃષા ભય આવે એવુ દુ ખ શી રીતે સહેવું ખોયાં.
ગાળ્યા ગમાર બની જીવનના અલ્પ દિન આનદમાં
સુખ સુર્ય ઢકાયો હવે તો વ્યાધિ વાદળ વૃંદમા
શાસ્ત્ર બધાં સમજાવે તેવું બસ દીધેલું લેવુ ખોયાં.

મેં પાપીએ સંતાપી સતીને કર્મ મારાં શું કહું
માબાપનો દ્રોહી બન્યો એ પાપનાં ફળ ભોગવું
માન્યું નહિ એ વખત જરા મેં ક્રોધ સુજનનું કહેવું ખોયાં.

કમળા— ૧૭

નાથ વળ્યા છો કઇ વાટે
બળતીને લ્યાં મૂકી પડતી
એક ગહન વન ને વળી રજની
મોત નિશાની મુજ માટે રે બળતીને.
પામીને સ્વામીનો આવો અનાદર
છાતી ન કોની કહો ફાટે રે બળતીને.

દેવશર્મા }
શાન્તિ } — ૧૮

જય જય પિતુ માતા (૨)
પ્રતિદિન સેવા કરીએ (૨) સમજી સુખદાતા જય જય.
જન્મ દઇ જગમાહિ સહી અનહદ શ્રમને–પ્રભુ
અહર્નિશ ઇચ્છિત આપી (૨) ઉછેર્યાં અમને જય જય.
સુકામાં સુવાડી આપ સુતા ભીને–મા
લુતાં આંસુ રૂદનના (૨) હૃદયે ચાપીને જય જય.

જાળવતાં દીનરાત પુત્ર ગણી પ્યારો–મને
ભૂલી કેમ જવાયે (૨) એવા ઉપકારો. જય જય.

ગંગા
યમુના }—
સરસ્વતી

૧૯

સાહેલી સંગ ચાલોને સ્નેહથી
જેને વ્હાલાં માબાપ છે એ માનવ નિષ્પાપ સાહેલી.
વોર્યાં વિશેષ બ્હેની! આપણે મહા પાપીનાં પાપ
એ પાપ અહીઆં પ્રજાળશે આ પિતૃની ભક્તિનો પ્રતાપ
ભજીશુ આમ દાસીના દેહથી. સાહેલી.

ગંગા—

૨૦

ગુણની ખાણુ મને ગણુ ગંગા કષ્ટ અધમના કાપુ
મુજમાં ન્હાતા મનુષ્યને હું મોક્ષ નિરંતર આપુ
મહિમા મારો એવો, સાખ પૂરે છે દેવો.
યમુના—યમુના મારૂ નામ અરે હુ યમની ભીતિ ટાળું
મારૂં પાન કરે જે તેનાં પાપ તમામ પ્રજાળું
હરનારી છું હાનિ વાત એ છે ના છાની.

સરસ્વતી—સરસ્વતિ હું સુંદર મારૂં જળ કિલ્બિષ હરનારૂં
કરે સ્નાન શ્રદ્ધાથી તેનું સદા કરૂં છું હું સારૂં
કરૂણા મારી પામી દાસ ખોવે છે ખામી.

પ્રભાકર—મુજને તારો પાપ નીવારો, આવે દુ:ખનો આરો
કરૂં સ્નાનને પાન હમેશા દ્રઢ વિશ્વાસ તમારો
સુખમાં દેજો સ્થાપી, માત! છું પુરો પાપી.

૨૧

આશાદાસ—બલિહારી શ્રી કઉશલ્યાના બાળ
શી વિશાળ આંખો સ્નેહથી ભરી
જાણી દાસ જનોના પ્રતિપાળ
જેની સાથ સીતા સુંદરી વરી
લઇ વાનરોનું દુસ્કર લશ્કર સુરની પીડા હરી
સદા શાણે ન ગણી શંકા
દળ દાનવોનું રોળ્યું રણમાં રાવણાઆને હણી
દીધા લંકા પુરીમાં ડંકા
મારા રામનીરે મૂર્તિ જાદુ ખુબ જમાવે
ગોરા ગામનીરે એનાં દર્શન કરવા આવે

ધર્મદાસ —વાહ બાવાજી વાહ!

આશાદાસ—ધણી મનહરણી, સુવર્ણ વરણી નિરખું હરખું આહોહો

ધર્મદાસ—ભોળી ભામારે આશાદાસ ગુરૂને ભાવે
બહુ ડોળી છે દુનિયા બાવે
આશાદાસ—રામ ભજો ભાઇ રામ ભજો (૨) બલિહારી.

૨૨

મોહિની—ચાલો ચાલો વ્હાલા ચાલો
નાજુક નાર છુ નિરાળી
આશાદાસ—હવે રાગી બનાને ત્યાગ ત્યાગશુ.
મોહિની—રંક અબળાની ઉપરે કરી કૃપા અપાર,
ખરા આપ સંત રે'મવંત વળી મહા ઉદાર
ધર્મદાસ—ખુશીથા હમણા નફ્ટનાર વહેલી પછીથી થાશે વિચાર
આશાદાસ—વાક આવતા વિવેકે માફી માગશુ. ચાલો
મોહિની—મુદ ભર મળીઆ હાર હૃદયાના
શુભ શણગાર બનો મુજ ઘરના,
આશાદાસ—આપીશ હુ હર વખત તને બસ
ખોદી જમીન ખજાના જરના
ધર્મદાસ—લીધી છે લાખની માળા, સાથે સ્વામી રૂપાળા,
આશાદાસ—પીશુ ઘટ ઘટ પ્રતિ પ્યાલો
ધર્મદાસ—જ ી અનહદ જોડી મ્હાલો
આશાદાસ—હવે રાગી બનીને ત્યાગ ત્યાગશું. ચાલો.

૨૩

કમળા—સ્વામી સુંદર પ્રતાપી પ્રભાકર
મારે મન ભાવ્યા,
પીઅરમાં રહી શુ સુખપામુ
દુખો વરસાવ્યા વ્હાલે ભલે, તરસાવ્યા તોએ; મારે.
પ્રાણ વિના રહે દેહ શી રીતે,
ભાગ્યમા લખાયા એ તો જીવથી જડાયા. મારે.

૨૪

ભોળોભટ-પીડા છે માત્ર એક પેટની,
સાગર સરિતા તેમ સરોવર ભર ચોમાસે ભરાય,
ભરીએ તો પણ ઠાલું ને ઠાલુ, ગજબી પેટ ગણાય પીડા.
ઝાઝુ ભર્યે જવરે જાય ઝલાઇ થોડુ ભર્યે રહે ભુખ,
ખાલી રાખ્યાથી થાય ખરાબી, દરેક વાતે દુખ, પીડા.
પેટને કારણ સાભળી રે છે કડવા વચન કાન;
સરખા ગણવા પેટને કારણ, માન અને અપમાન, પીડા.
વ્યાધિ વધારણ પેટને કારણ પીઠ બીચારી પીડાય,
પેટને કારણ દોડી દોડી, ટાટીયા તુટી જાય, પીડા.
જવુ પડે છે પેટને કારણ દેશ તજી પરદેશ,
પેટન કારણ ધરવા પડે, વખત મુજબ વેશ. પીડા.
પાળવો પડે પેટને કારણ શેઠના કુળનો શોગ,
પેટને કારણ પ્રાણ પ્રીયાનો, વેઠવો જોઇએ વિયોગ. પીડા.

૨૫

બ્રાહ્મણો–અંતરયામી પ્રભુજી આપ જય જય વ્હાલા વિશ્વપતિ
જટા જુટમા ગંગા રાજે ભવાની અર્ધાંગે બ્રાજે, જય જય.
શશી ભાલ શોભે છે ભારે ત્રિપુંડ વ્યાધિથી તારે જય જય.
ગલે રૂઢમાલા ધારી છે, કૃપા તમારી ન્યારી છે, જય જય.
સદા બેલની સ્વારી પ્યારી તથાપિ કિર્તિ વિસ્તારી. જય જય.

૨૬

બાળાઓ–ભોળા શંભુ સદા ભય ભાંગે સેવાથી શાણી,
ગુણ ગાવાથી ગવરી પતિના વિમલ બને વાણી;
માફ કરી મહાદેવજી, દાસી જનના દોષ,
ઇચ્છિત વરને આપશે, એ છે આશુતોષ.
પાવન થાય છે જેને નિરખી પ્રાણી. ભોળા.
પ્રિતે પુષ્પ ચઢાવીએ, સાહેલી મળી સાથ,
કરીએ વંદન કોડથી, હંને જોડી હાથ.
માનવ દેહથી લઇએ સુખડાં, માણી ભોળા.

૨૭

તીર્થવાસી–કાશીનાથ કૃપાળુરે મહાદેવજી
સુખમા સ્થાપી વ્યાધી ઉથાપી સુમતી સુખદ અરપે છે
શરણે રહેતા ઉમાકાન્તને દૂત યમોના દૂરે ભાગતા
ફરે છે, મહા

૨૫

બ્રહમા વિષ્ણુ આદિ જેનુ મુદથી ધ્યાન ધરે છે
ગંગા શિર અર્ધાંગ ભવાની, સેવક કેરાં કામો સફળ
કરે છે, મહા.
ભાલચંદ્રની રેખા નીરખી સહુના નેણ ઠરે છે
ભજતા એ ભવપતિને ભાવે, ભકત આ ભવસિન્ધુ
સહજ તરે છે. મહા.

૨૮

મોહિની—હાય મને બાવી બનાવી તે બાવા
હાય રડયા બાવા, વોય રડયા બાવા
આશાદાસ—ઠગવા જાતા તુ પોતે ઠગાણી,
જુદા મારે છે કા ઝાંઝા—રાંડ હવે—જુદા. હાય મને.
મોહિની—ખોળી આપ્યા નહિ એક ખજાનો
આવ્યા તો બાપનું શું ખાવા, હાય મને.
આશાદાસ—હું લઉ તંબુરોને તું લેજે કાસીયા
ગુણો ગોવિંદના ગાવા—હાવ રાંડ, હાય મને.

૨૯

કમળા—સહુ આશ ઉરની ફળશે, ભાઇ! મન માન્યા સુખ મળશે રે,
થાય ભલું ભગવાન ભજનથી સત્ય ધર્મના સંગે;
રટતાં પ્રભુ નામ ઉમંગે ભાઇ! મન ભાવ્યા.
દીન બન્ધુનો અજબ દયાથી, પાર હું દુઃખનો પામી;
જપતાં મુખથી જગ સ્વામી, ભાઇ! મન ભાવ્યા.

૩૦

મોહિની—જુઓ કેવી રૂપાળી હું છુ સુંદરી,
બહુ ભોળું હૃદય મારૂ અરે થોડું થોડું રોજ ઠગાય
તદપિ હાય બેસે નહિ મન ઠરી, જુઓ.
મન હરણ મળે જો મારા, પામુ મુદથી સુખો ફરી સારાં
નયનોથી નયનો મળી જશે તાપો તુરતમાજ ટળી જશે
પરવશ કરૂં ગાન ગાઈ સરસ પાઇ પ્રિતિનુ અમૃત જરી.
જુઓ.

૩૧

પ્રભાકર—મોહ ન પામું જરા હવે તુ વૃથાવાદ મેલી (૨)
ચાલી જા મોહિની મદઘેલા (૨)

મોહિની— પ્રમદા સગ પ્રમોદથી રચી વચનમા બ્યગ,
જેણે લુટયો નહિ જરા રસિક બની રતિ રંગ,
અધરામૃત પ્રીતે નહિ પીધુ આલિગન લીધુ ના દીધુ
જોબનભર નારીથી પરિચય જામ્યો નહિ જેનો
ગયો અવતાર વૃથા એનો—

પ્રભાકર—જેને ઉર ના ઉદભવ્યો પિતૃપદ અનુરાગ
બેલે જારી ખલ બની એના મહદ અભાગ
પીવાનો હું હરદમ હરખી આશીષ પિતૃની અમૃત સરખી
માત પિતાની ભકિત માહિ જીવ જામ્યો નહિ જેનો. ગયો.

૨૭

મોહિની—નવલ નારીના મુદભર નેણે હાવ ભાવ જોયા નહિ જેણે
સંગિત નાદે બન્યો ન રંગીત દીવ્ય દેહ જેનો ગયો.

પ્રાભકર—સાંભળી નહિ જેણે મુદઆણી
માત પિતાની મીઠી વાણી
ભવ્ય એહનાહાવભાવ પર અભાવ છે જેનો. અરેરે ને ગયો.

૩૨

આશાદાસ—રામ સીતારામ, સીતારામ, સીતારામ,
બાંધ્યો બાવાને માયાથી શુ કામરે (૩)
આનંદદાતા એક તારૂ નામ રામસીતા. ૧

મોહિની—દામ ખોયા ધામ ખોયા છોડયુ અંતે ગામ
ખોટી આશાથી હારી છું હું હામરે (૩)
ફીકર બાળે આમ આઠ યામ રામસીતા.

૩૩

મોહિની—બસ બસ પામ્યું છે વિરામ મનડું મારૂં માયાથી
હરિ હર કીધું ના જરાય કરવાનું આ કાયાથી
આજ લગી દુઃખ અપાર દીઠા વળી અધમ વાટે
મેં ખાસ ખરીદી અહીં આવી શિવ ભક્તિ શિર
સાટે. બસ.

[illegible]દાસ—સાધુ છતાં વશ રહ્યું ના હૃદયું ખરે જીવન ખોયું
મેં આજ પીધા મન મારૂં પ્રભુ ભક્તિ મહીં
પરોવું બસ.

૩૪

પ્રભાકર—દુનિયામાં દેવ જોયા સઘળા સંતાપ ખોયા
આજ ઉંડે કર્મ ગાહે, મેં તો.
પાપોના પુંજ ધોયા પાવન માબાપ કેરી
ભક્તિના મોહ નાહે, મેં તો.
હું મારા બાપ હાથે કરે નહિ રોષ તોયે
મારૂં જે માડું સદા ચાહે, એ તો.
તાત માતાની સેવા મનાય છે મિષ્ટ મેવા
સાચા સિદ્ધાન્તિ જના માહ. મેં તો.

૩૫

સા નીધપ મમપમા પધમપ ગમસારે નીરે સસા - સા
× × × × × ×
મપ મપપ ધપસાના પધમપ રેગસારે નીરેસાસા
× × × × + +
ધપમ, ધપમ, નીગ, મરે, ગના રેસા, -- સા
+ + × × × ×
સા સાં સા સા સા સા સારે નીસાધના પધ મપ — સા
× × × × × × × × ×

પ્રગટ હો પૂરન પ્રકાશ, પૂનમ ચંદ નભ ઉજાસ
ખેલત સબ મિલ હુલાશ, મધુર રવ ઉચ્ચારે
ભિન્ન ભિન્ન વ્યક્તિ ભાસ, રચત ગોપી કૃષ્ન રાશ
ચરન નુપુર નાદ ધ્વાસ સકલ જગ પ્રસારે
અરસપરસ કરત હાસ્ય, દેત તાલ ઘુમત પાસ
ગિત વાદ્ય ધ્વની અકાશ, સૂર જય પૃકારે
'ત્રિલોકીકા ટળ્યો ત્રાસ, પ્રબલ સકલ વિશ્વ પાસ
ભકત જનકે મનકી આશ, પૂરન કર તારે
જય જય જય જય વિકાશ, ભેદ અતિ એક શ્વાસ
અગમ નિગમ જોત ગાશ, આનદ છલકાયે
છાઇ છટા જન બાદલમેં ઘનઘોર ઘટા નભ મંડલમેં
જગમે જલમે સ્થલમે સબમે, એકતાર બને સુન બસરીયા
ધિન ધિન કટા કટ નાદ નટા, કડતાલ પટા પદ ઝાઝઝટા
શિરપે, ફરક, ચમકે દમકે કુંડલ વિધ્યુત વત કાનનીયાં

“સ મા પ્ત.”

Sketch "Portraits."

This is the Style we have supplied for some years mounted on heavy 12 sheet board, bevelled flush and finished with aerograph back ground.

FOR PHOTOS

GO TO

N. M. DOOMRAIE,

Kutchery Road, KARACHI.

સુંદર છબીઓ ક્યાં પડાવશો? એન એમ ડુમરાઇ ફોટોગ્રાફર ને ત્યાં. કારણ કે, અમારે ત્યા વિલાયત ની ઢબ પ્રમાણે છેલ્લામા છેલ્લી ફેસનનું કામ હવાઇયંત્રથી (Air Brush) સ્કેચ ફોટોગ્રાફી કરવામા આવે છે તેમજ અમો હિંમતથી કહીએ છીએ કે અમારી સ્ટુડીઓમાં અન્ય ફોટોગ્રાફરોના માફક એન્લાર્જ મેન્ટનું કામ કોલસાથી નહિ કરતા પાકુ કરી આપવામા આવે છે એક વખત પધારી ખાત્રી કરો, અમને મળેલા ચાંદ તથા સર્ટીફીકેટ એજ અમારા કામનો ઉત્તમ પુરાવો છે.

હીઝ હાઇનેસ સર આગાખાન તથા
પ્રીન્સ ઓફ કચ્છના ખાસ ફોટોગ્રાફર
કચેરી રોડ મું—કરાંચી